શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૬
અંક : ૯

## સાક્ષર કન્યાનું ગીત

આમ તો હતી હું સાવ રે ગમાર
પણ ભણવાથીએ આવી ભાન.
લાખ–લાખ પાડ માનું એના કે જેણે મારા
જીવતરમાં આણી છે શાન.
કોરાં કાગળીયામાં અંગૂઠો ધરબાવી
કોઈ મને નહી છેતરે.
કોરટ– કચેરીનાં બહાનાં બતાવીને
આડેધડ કોઈ નહિ વેતરે.
અંગૂઠાછાપનું કલંક ભૂંસાય હવે
કોઈ નહિ કરે અપમાન.
આમ તો હતી હું સાવ રે ગમાર
પણ ભણતરથી આવ્યું રે ભાન.
પરદેશી પિયુને કાગળીયે લખવામાં
કરવી નહિ પડે લાચારી.
દૂધ, ઘી ને દહીં તણા સાચા હિસાબ કેરી
અમને મળી છે હોંશિયારી.
અંધારામાંથી અમે અજવાળે આવ્યા વળી
પામ્યા જીવન કેરૂં જ્ઞાન.
આમ તો હતી હું સાવ ગમાર
પણ ભણતરથી આવ્યું રે ભાન.

**સાભાર: ડો.પ્રકાશકુમાર બી. દવે**

## સુવાક્ય

– બુધ્ધિશાળી વ્યકિત અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે.
– "ગાંધીજી" ના કપડામાં એકેય ખીસું ન હતું પણ જો આજે બધાના ખીસામાં ગાંધીજી છે.
– માણસ કપડાથી નથી શોભતો પણ વાણી,વર્તન અને કર્મની સુગંધથી શોભે છે.
– આત્મા અજ્ઞાનના કારણથી જ પ્રતિત થાય છે, પરંતુ જયારે અજ્ઞાન મટી જાય છે, ત્યારે આત્માના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે, જેમ વાદળોના હટી જાવાથી સૂર્ય દેખાય છે.
– જેને જેટલું ચાહશો એને એટલુ જ દૂર પામશો.

**પ્રિય વાચક મિત્રો,**
સંસ્થાનો દિપોત્સવી અંક તૈયાર થઈ રહયો છે. વાચક મિત્રો શુભેચ્છા જાહેરાત આપી આ અંકને આર્થિક સહયોગ આપે તેવી વિનંતી છે. અને ટપકનાં નિયમિત પ્રસિધ્ધ થતા અંકો માટે પણ ઈચ્છાનુસાર સહયોગ રાશિ આપ આપી શકો છો. **– ટપક ટીમ**

**તર્કનું સત્ય નહિ પણ આત્મા મંથનમાંથી જન્મેલું સત્ય છે.**

## મહેનતનો રોટલો

રખડી રજળી મોટો થયેલો રવજી આખરે ઠેકાણે પડી ગયો. માં–બાપ વગરનો રવજી, આડોશી પાડોશીને સગા વાલાની દયાથી મોટો થયો, ને તેમની દયાથી જ ડાહી નામની ડાહી કન્યા સાથે પરણી ગયો. ડાહી તેના નામ પ્રમાણે જ ખરેખર ડાહી હતી. તેના આવતા જ રવજીના ઘરના દીદાર ફરી ગયા. લગ્નના પાંચ–પંદર દહાડા મહેમાનોનાં આવવા જવામાં વીતી ગયા. ડાહિને રવજી એકલા પડયા ત્યારે ડાહી બોલી, આજ દિવસ સુધી તો આડોશી પાડોશીની દયાથી બધુ પાર ઉતરી ગયું છે, પણ હવે ઘરમાં અનાજ નથી, કાલથી આપણે બંને કામે જઈએ, મજુરી કરીયે ને પેટીયું રળીએ. ડાહીનું બોલવું પુરું થતાં રવજી બોલ્યો, આપણે મહેનત કરવાની જરૂર નથી. હું નાનો હતો ત્યારે એક સાધુએ મને પેલી જાદુઈ પેટી આપેલી. હું હમણા જ તને તેની કમાલ દેખાડું છું. રસોડાના ખૂણામાં પડેલી પેટી પાસે જઈ મનમાં, કંઈક બોલ્યો અને પેટી અર્ધી ઉઘડી અંદર હાથ નાખી પડખે પડેલી થાળીમાં વસ્તુ મુકવા લાગ્યો. ડાહી તો રવજીની આ કરામત આશ્ચર્યથી નિહાળી રહી, થોડીવારમાં થાળી લાડુ, મેશુબ અને ગાંઠિયાથી ભરાઈ ગઈ 'હાલ, આપણે જમી લઈએ' જમતા જમતા ડાહીને ખાસ સૂચના આપતા બોલ્યો, 'જો જે ભૂલથી કદી પેટીનું ઢાંકણ આખે આખુ ન ખોલી નાખતી નહિતર સાધુએ આપેલ જાદુઈ પેટીનું જાદુ ઓસરી જશે. જમી કારવી ડાહી, ઘરના કામે ચડી પણ બે જણનું કામ પણ શું હોય ? થોડીવારમાં તો ડાહી નવરી પડી. રવજી તો જમી કારવી ફળીયા માં લીમડાના છાંયે ખાટલો ઢાળી સુતો, એકલી પડેલી ડાહી કંટાળી ગઈ, પછી તો આવું રોજનું થયું. સવાર, બપોર ને સાંજ ઈચ્છા થાય ત્યારે રવજી જાદુઈ પેટી પાસે બેસી મનમાં મનમાં કંઈક ગણગણે અને ભાવતા ભોજન મેળવે. પણ ડાહીને આ વાત જરીકે ગોઠે નહિ. શરૂ શરૂમાંતેને આનંદ આવતો, આ તો રોજનું થતા હવે તે કંટાળી ગઈ. એક દિવસ લાગ જોઈ તેણે રવજીને કહયું, હાલોને આજ તો આપણે ખેતરે જઈએ. રવજીના બાપા રવજી માટે વારસામાં ખેતર મુકતા ગયા હતા. એ ખેતરને હિસાબે જ રવજીને ડાહી જેવી પત્ની મળેલી. ડાહીની ખેતર જવાની વાત સાંભળતા જ રવજી હસી પડયો તૈયાર રસોઈ જમી જમીને તે આળસુ થઈ ગયો હતો તેથી બોલ્યો, ખેતર તો ખુબ દુર છે, ઝાડી ઝાંખરા ભરપુર છે.' રવજીનો જવાબ સાંભળી ડાહી બેઠી થઈ, પડોશીમાંથી કોદાળી, ત્રીકમ માગી લાવીને રવજીને બેઠો કરતા બોલી'ઝાડી કાપીશું, ઝાંખરા ખોદીશું કરીશું ખેતર ચોખ્ખુ જી વરસે મેહુલીયો અમી ધારે તો રોપીશુ નવલા ધાન્યો જી.' પણ બેઠા બેઠા જ જેણે આજ દિવસ સુધી ખાધું છે. તેવો આળસુ રવજી બોલ્યો, 'જાદુઈ પેટી છે, આપણી પાસે, માગો તે મળી જાય જી, ખેતર જઈને ખોટી મહેનત, આપણે શાને કરવી જી.' રવજીને જવાબ આપતા ડાહી બોલી 'જંતર મંતર જાદુ ટોણા, ન કાંઈ હું જાણું જી, મે'નત કરીને મેળવેલું રાંધી હું તો જાણું જી.' ડાહીની, ડાહી ડાહી વાતોથી અંતે રવજી સમજયો. બંને કોદાળી ત્રીકમ લઈ ખેતર જવા ઉપડયા. થોડા દિવસોની અથાગ મે'નતથી ખેતર ચોખ્ખું ચણાક બન્યું. એ વરસે મેઘરાજાએ પણ કૃપા કરી ડાહીની ડાહી ડમરી વાતોથી મે'નતુ બનેલા રવજીનું ખેતર નવલા ધાન્યોથી લચી પડયું. પછી તો બંનેએ મળી મે'નતનો રોટલો હોંશે હોંશે ખાધો.

*(સાભાર: ભીતર કેરો ભાવ)*

**તમારી વાણી એ તમારા વિચારોનો પડઘો છે.**

**પ્રેરક પ્રસંગઃ ગરીબોનાં જ બા**

એકવાર ગાંધીજી સેવાગ્રામ હતા ત્યારે કસ્તૂરબા બહારગામથી આવવાનાં હતા. બધાં પૂછવા લાગ્યાં, બા કયારે આવશે ? બા કઈ ગાડીમાં આવશે ? કસ્તૂરબા સુરત તરફ ગયેલાં હતાં. મુંબઈ પહોંચી ત્યાંથી વર્ધા આવી શકાય પણ એ લાંબો અને મોંઘો રસ્તો. સુરત જઈ વેલી ગાડીમાં ભૂસાવળ રસ્તે આવે તો ભાડું ઓછું થાય. એક બહેન બાને મળવા ખાસ રોકાયાં હતા. મુંબઈ તરફથી ગાડી આવવાની હતી. એ બહેને પૂછયું, બા અત્યારે તો આવશે ને ? બાપુએ કહ્યું : જો બા પૈસાદારોનાં બા હશે તો અત્યારે આવશે અને ગરીબોનાં બા હશે તો સુરત થઈ સવારે આવશે. અને બા, ગરીબોનાં બા, ખરેખર બીજે દિવસે સવારે આવ્યાં. આ અનોખા દંપતીના મિત્ર હોરેસ અલેકઝાંડરે નોંઘ્યું છે કે બા અને બાપુ એક ઘરમાં હોય, પાસેના ઓરડામાં હોય, કશું ખાસ એકમેક સાથે બોલે નહીં, પણ આપણે આખો વખત લાગ્યાં કરે બંને એકમેકને ઊંડે ઊંડે ખૂબ સમજે છે. સ્ત્રીઓમાં ભારે કોઠાસૂઝ હોય છે. એ કોઠાસુઝથી તેઓ વસ્તુના હાર્દની ઝડ પકડે છે.

**એક ઉતમખાતર, ફૂગનાશક, વૃધ્ધિકારક**

છેલ્લા કેટલાક વર્ષોથી ખેતીમાં ગૌમૂત્રનો ઉપયોગ વધતો જાય છે. કેટલાક ખેડૂતો ગૌમૂત્રને કુદરતી યુરિયા ગણાવે છે.

૧. રાસાયણિક જંતુનાશકોના ખતરનાક ઝેરથી ખાધપદાર્થ અને પશુચારામાં ઝેર આવ્યું. હવા, પાણી અને જમીન બગડી. ખેત ઉત્પાદનો મોંઘા થયા, તેથી ખેતી ખર્ચ વધ્યો. સર્વનાશથી બચવા ગૌમૂત્ર વનસ્પતિના જંતુનાશકો અપનાવીએ.

૨. ગૌમૂત્ર– વનસ્પતિ પાક રક્ષક ઔષધ લીબડો, આંકડો, તુલસી, કરેણ, અરણી, અરડૂસી, મેથી, કેતકી, હજારીગલ, ગંધાતી, રામી, ખરસાણી, કાંસકી, હળદર, રતનજયોત, વાવડીંગ, લસણ, ડુંગળી, તમાકુ, સરગવો, થોરીયો, સીતાફળી, લીંબુ, હીંગ, ડોકામણી, ગુગળ, ફુદીનો, લીલી વિ. જે મળી શકે તેમાં હોય તે કડવી વનસ્પતિઓના પાન ફળ, ફુલ વગેરે પંદર દિવસ ગૌમૂત્રમાં રાખી જંતૂનાશક ઔષધ નીચે મુજબની રીતોથી બનાવી શકીએ અને ઉપયોગમાં લઈ શકીએ.

બધી જ ઔષધીને તપેલીમાં નાખી, ઔષધી ડૂબે તેટલું પાણી નાખી એટલું ઉકાળો કે પાણી ત્રીજા ભાગનું રહે. તપેલું ઉતારીને તેમાં ૧૫ લીટર ગૌમૂત્ર નાખી હલાવીને ઠંડુ પાડી ગાળીને એક કે પાંચ લીટરના પેકમાં દવા ભરવી.

બધી જ ઔષધીને માટીની કોઠીમાં નાખી તેમાં ૧૫ લીટર ગૌમૂત્ર ભેળવી, મોં બંધ કરી ૧૫ દિવસ સુધી સડવા દેવી,પછી ઔષધીને મસળી નાખવી, ત્યારબાદ ગરમ કર્યા સિવાય ગાળીને એક કે પાંચ લીટરના પેકમાં દવા ભરવી.


પાકમાં ઉપયોગમાં કરવાની રીત :૫૦ લીટર પાણીમાં ૧ લીટર દવા, ૫ લીટર ખાટી છાશની આસ, ૫ લીટર ગાયના છાણનો રસ અને ૧૦૦ ગ્રામ હીંગ ઉમેરી પાકમાં છંટકાવ કરવો. આ દવા બગડતી નથી કે વિકૃતિ આવતી નથી.તમામ પાકમાં વાપરી શકાય છે. **પાકરક્ષક ઔષધીના ફાયદા**

ઈયળો, ચૂસિયા, મોલો, ફળમાખીનું નિયંત્રણ થાય છે. ઔષધીમાં પોષક ઘટકો–૭૮.૪%, નાઈટ્રોજન –૧૦.૬%, પોટાશ–૭.૨%, અને ક્રીએટાઈન –૬૦.૧૫% છે.– ઔષધીમાં કુદરતી હોર્મોન્સ છે, તેથી ફૂલ અને ફળ વધુ બેસે છે. પરિણામે ઉત્પાદનમાં વધારો થાય છે. પાકની ગુણવતા વધે છે.

**ચિંતા અને ભય પ્રાર્થનાના પ્રેરક બળો છે.**

## પેયજળ અને સ્વચ્છતા

પેયજળ અને સ્વસ્છતા પર સંસ્થાએ એક વર્ષ પહેલા ઉના તાલુકાના ૧૫ ગામોમાં ઈન્ટર્વેન્શન શરૂ કર્યુ હતુ. તમામ ગામોના સરપંચશ્રીઓ, તલાટી મંત્રીશ્રીઓ તેમજ સ્ટાફ અને વાસ્મો ટીમ સાથે રહી આ કાર્યક્રમ સમજવા ઓરીએન્ટેશનથી માંડીને આજે એક વર્ષ પુરૂ થવામાં છે ત્યારે અગીયાર ગામોની યોજના બની તે પૈકી આઠ યોજનામાં અમલ શરૂ થયો, ત્રણ યોજનાઓ સ્થાનિક વિવાદના કારણે શરૂ થઈ શકી નહી. બે ગામની યોજના બનાવવાની કામગીરી ચાલી રહી છે અને બે ગામોમાં પાણી સમિતીના સ્તરે જ સંમતિ નહી બનતા યોજના બની શકી નથી. બધા ગામોમાં સેનીટેશનની



કામગીરી શરૂ થયેલ છે જેમાં શૌષાલય વિહોણા ૧૯૮ પરિવારોએ પોતાના મકાનમાં શૌષાલય બનાવી તેનો ઉપયોગ શરુ કરેલ છે આ તમામ પરિવારોને સરકારી/સંસ્થાકીય સહાય માટે પણ જોડાણ કરેલ છે. આ ઉપરાંત પીવાના પાણીની ગુણવતા તેમજ પાણીના સ્ત્રોતની ઉપલબ્ધતા બાબતે જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે. આ તમામ કાર્યોમા આયોજનમા ખુટતી ઈજનેરી અને નાણાકીય સહાય તથા માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત પેયજળ અને સ્વચ્છતાનાં ક્ષેત્રે જે કંઈ થશે તે લોકોને ખુબ જ ઉપયોગી અને લાંબા ગાળા સુધી લાભદાયી નિવડે તે રીતે ગામ લોકોના સંગઠનો અને પાણી સમિતીના ક્ષમતા વર્ધનનું કાર્ય કરવામાં આવી રહયુ છે.

**જીવનને છોડીને બીજું કોઈ ધન જ નથી.**

## ઉદ્યોગ  સાહસિકતા સુક્ષ્મ પિયત પધ્ધતિ

ખેડુતો દ્વારા રચાયેલ અવિરત એગ્રો પ્રોડયુસર કંપની મારફત દરિયા કાંઠાનાં ખેડુતો દ્વારા સુક્ષ્મ પિયત પધ્ધતી  અપનાવે તેવા હેતુથી કર્મયોગી ઈરીગેશનની સ્થાપના જાફરાબાદ મુકામે કરવામાં આવી. કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્શનસેલ તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ દરિયાઈ વિસ્તારમાં જમીનમાં વધતી ખારાશ અટકાવવા માટે ખેડુતો સુક્ષ્મ પિયત પધ્ધતી અપનાવે અને સ્થાનિક કક્ષાએ લોકોમાં પરિચિત હોય તેવી વ્યકિતને તાલીમ આપી આ વેચાણ કેન્દ્રનું સંચાલન થાય તેવા હેતુ સાથે આ કાર્ય સપ્ટેમ્બર ૧૨ થી શરૂ કરી ઓગષ્ટ ૧૪ માં પુર્ણ કરવામાં આવ્યુ.



સુક્ષ્મ પિયત આ વિસ્તારના લોકો અપનાવતા થાય તે માટે મળતી સરકારી સહાય ઉપરાંત ઓસ્ટેલીયન કોન્સ્યુલેટના ડાયરેકટ એઈડ પ્રોગ્રામનો પણ આર્થિક સહયોગ બીજા વર્ષમાં મળી રહયો હતો. આ કાર્ય નિરંતર ચાલુ રહે તે માટે સહયોગીઓ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષમાં ૧૧૦ સ્પીકલર તથા ૧૭ જેટલી ડ્રીપ બેસાડવામાં આ યુનિટ સફળ રહયુ હતુ. આ વિસ્તારમાં ખેડૂતોની ઓછી જાણકારી તથા નબળી આર્થિક સ્થિતિ વચ્ચે સ્થાનિક કક્ષાએથી આ પ્રકારના કાર્ય માટે જરૂરી તાલીમ આપી આ બે વર્ષના સમયગાળામાં થયેલ કાર્યમાં સમયસર મળતી સેવાને ઘ્યાનમાં લઈ આ યુનિટ પ્રિય બન્યુ છે.

**ઉતમ  પુસ્તકોએ  આપણા  ઉતમ  મિત્રો  છે.**

**અસરનો સર્વે**

અસર (એન્યુઅલ સ્ટેટસ ઓફ એજયુકેશન રિપોર્ટ) નાગરિકો દ્વારા કરવામાં આવે છે. અસરની શરૂઆત ૨૦૦૫માં થઈ ત્યારથી તે દર વર્ષે કરવામાં આવે છે. ૨૦૧૪માં અસરનું ૧૦મું વર્ષ છે. જે સૌથી મોટો વાર્ષિક સર્વેછે. શાળામાં જે બાળકો નામાંકિત છે તે શું વાંચી શકે છે ? ૫–૧૬ વર્ષની વયજૂથના બાળકોનું વાંચન, સરળ ગણિત અને અંગ્રેજીનું ટેસ્ટિંગ કરવામાં આવે છે. ૩–૪ વર્ષની વય જૂથના બાળકોને ફકત એ પૂછીએ છીએ કે શું તે આંગણવાડી કે પૂર્વ પ્રાથમિક શાળામાં નામાંકિત છે ? અસર ભારતના દરેક ગ્રામીણ જીલ્લાના બાળકોના એક રાષ્ટ્રીય નિરૂપક સેમ્પલની તપાસ કરે છે. દર વર્ષે દેશના ૧૬,૦૦૦ ગામમા લગભગ ૬ લાખ બાળકોનો સર્વે કરવામાં આવે છે. આશરે ૨૫ હજાર થી ૩૦ હજાર સ્વંયસેવકો આ સર્વે કરવામાં મદદ કરે છે. અસર દેશમાં જનભાગીદારી દ્વારા કરવામાં આવતો સૌથી મોટો અભ્યાસ છે. પોતાના જીલ્લામાં અસર સાથે જોડાઈને લોકો એક વ્યાપક રાષ્ટ્રીય પ્રયાસમાં સહયોગ આપે છે. અસર ૨૦૧૩ દ્વારા જાણવા મળ્યું કે ભારતમાં ૬ થી ૧૪ વર્ષની વય જુથના ૯૬.૭% બાળકો શાળામાં નામાંકિત છે પરંતુ, ધોરણ ૫ ના લગભગ અડધાથી વધારે બાળકો ધોરણ ૨ નાં સ્તરનો પાઠ વાંચી શકતા નથી અને ધોરણ ૫ નાં લગભગ અડધા બાળકો ધોરણ ૨ ના સ્તરનાં સરળ બાદબાકીના સવાલ કરી શકતા નથી. અસર રિપોર્ટમાં આવા આંકડા પ્રત્યેક રાજય અને પ્રત્યેક ધોરણ માટે ઉપલબ્ધ છે. અસર નાગરિકો દ્વારા કરવામાં આવતો એક ખાસ પ્રયાસ છે, જે સરકાર અને સમુદાયનું ધ્યાન નામાંકિત અને શાળાકીય સુવિધાઓ દ્વારા શિક્ષણ તરફ લાવવાનો પ્રયાસ કરે છે.

અમરેલી જીલ્લાનો ૨૦૧૪નો સર્વે કરવામાં એસએસકેકેના સ્વયં સેવકો તથા સ્ટાફ જોડાયા હતા.

**શેકાયેલા બીજ અંકુરિત કેમ થતાં નથી?**

કોઈપણ બીજને અંકુરિત થવા માટે કેટલાક ઘટકોની જરૂર પડે છે. જેમ કે, હવા,પાણી અને સપ્રમાણ ઉષ્ણતાપમાન. જો કે આ ઘટક બીજને ત્યારે જ અંકુરિત થવા માટે પ્રેરે છે, જયારે તેમાં રહેલો આ ગુણ સહીસલામત હોય. જો આ બીજને શેકવામાં આવે તો તેમાં રહેલો અંકુરિત થવાનો ગુણ નિષ્ક્રિય થઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો એ ગુણ નાશ પામે છે. પરિણામે શેકાયેલા બીજ અંકુરિત થતાં નથી. (વીસ વર્ષની આયુમાં વ્યકિતનો જે ચેહરો હોય છે એ પ્રકૃતિની દેણ છે. ત્રીસ વર્ષની આયુના ચેહરા જીદંગીની ઉતાર ચડાવની દેણ છે પરંતુ પચાસ વર્ષની આયુનો ચેહરો વ્યકિતની પોતાની કમાણીનો હોય છે.)

*જીવનની પરિસ્થિતિનો સામનો કરવાની યોગ્યતાનું નામ શિક્ષણ છે.*

## ગાંધીજીનો જન્મ

મારા દાદા, ઉતમચંદ ગાંધી અથવા ઓતા ગાંધી ટેકીલો હશે એમ લાગે છે. તેમને રાજખટપટને લીધે પોરબંદર છોડવું પડેલું ને જૂનાગઢ રાજયમાં આશ્રય લીધેલો. તેમણે નવાબ સાહેબને સલામ ડાબે હાથે કરી. કોઈએ આ દેખાતા અવિનયનું કારણ પૂછયું તો જવાબ મળ્યો "જમણો હાથ તો પોરબંદરને દેવાઈ ચૂકયો છે." ઓતા ગાંધીને એક પછી એક એમ બે ઘર થયેલા. પહેલાથી તેમને ચાર દીકરા હતા અને બીજાથી બે. આમાંના પાંચમા કરમચંદ ગાંધી અથવા કબા ગાંધી અને છેલ્લા તુલસીદાસ ગાંધી. બંને ભાઈએ વારાફરતી પોરબંદરમાં કારભારુ કર્યુ. કબા ગાંધી તે મારા પિતાશ્રી. કબા ગાંધીને પણ એક પછી એક ચાર ઘર થયેલા. છેલ્લા પૂતળીબાઈથી એક દીકરી અને ત્રણ દીકરા, તેમાંનો છેલ્લો હું પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા. એ રાજયના બહુ વફાદાર હતા. એક વેળા કોઈ પ્રાંતના સાહેબે રાજકોટના ઠાકોરસાહેબનું અપમાન કરેલું, તેની સામે તેઓ થયેલા. સાહેબ ગુસ્સે થયા, કબા ગાંધીને માફી માગવા ફરમાવ્યું તેમણે માફી માગવાની ના પાડી તેથી થોડા કલાકને સારુ હાજતમાં પણ રહેલા. છતાં તે ન ડગ્યા તેથી અંતે સાહેબે તેમને છોડી દેવાનો હુકમ કર્યો. પિતાશ્રીએ દ્રવ્ય એકઠું કરવાનો લોભ કદી નહોતો રાખ્યો. તેથી અમ ભાઈઓ સારુ જૂજ મિલ્કત મૂકી ગયેલા. પિતાની કેળવણી કેવળ અનુભવની હતી. જેને આજે આપણે ગુજરાતી પાંચ ચોપડીનું જ્ઞાન ગણીએ તેટલી કેળવણી તે પામેલ હશે. ઈતિહાસ–ભૂગોળનું જ્ઞાન તો મુદલ ન મળે. આમ છતાં વ્યવહારુ જ્ઞાન એવા ઉંચા પ્રકારનું હતું કે ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજાર માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી. ધાર્મિક કેળવણી નહી જેવી હતી, પણ મંદિરોમાં જવાથી કથા વગેરે સાંભળીને જે ધર્મજ્ઞાન અસંખ્ય હિંદુઓને સહેજે મળી રહે છે તે તેમને હતુ. છેવટના વર્ષમાં એક વિદ્વાન બ્રાહ્મણ જેઓ કુટુંબના મિત્ર હતા તેમની સલાહથી તેમણે ગીતાપાઠ શરૂ કર્યો હતો અને રોજ થોડાઘણા શ્લોકો પોતાના પૂજાના સમયે ઉંચે સ્વરે પાઠ કરી જતા. માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી છે. માતા વ્યવહારકુશળ હતી. દરબારી બધી વાતો જાણે. રણવાસમાં તેની બુધ્ધિની આંકણી ઠીક મુકાતી. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હંમેશા જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડયા હોય એવું મને સ્મરણ નથી. આ માતાપિતાને ત્યાં હું સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ ને દિવસે, એટલે સને ૧૮૬૯ના ઓકટોબરની બીજી તારીખે, પોરબંદર અથવા સુદામાપુરીમાં જન્મ પામ્યો.

**તમારુ વર્તનએ તમારા વિચારોનુ પરિણામ છે.**

**Happy Birthday**

| | | |
|---|---|---|
| 1 | Trupesh P. Vaghasiya | 5-10-1990 |
| 2. | Rajeshbhai D. Joshi | 6-10-1986 |
| 3. | Nileshbhai R. Masrani | 6-10-1978 |
| 4. | Bipin R. Desani | 8-10-1975 |
| 5. | Sweta S. Goswami | 8-10-1994 |
| 6. | Aarchana D. Shivankar | 12-10-1982 |
| 7. | Manoj Agravat | 13-10-1981 |
| 8. | Vipul F. Agravat | 13-10-1981 |
| 9. | Nilesh C. Gavit | 19-10-1974 |
| 10. | Bhikhu H. Ram | 22-10-1989 |
| 11. | Vipulkumar H. Maheta | 23-10-1979 |
| 12. | Jigna C Dave | 28-10-1979 |
| 13. | Hina H. Patel | 30-10-1987 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

**Engage on this month**

| | |
|---|---|
| 1-3 | Aser TOT at Adalaj |
| 3 | Mango marketing Initiative 2015 Pre liminary Planning meeting |
| 13 | GVHA Annual Meetimg A'bad |
| 11-14 | Training of volunteers for Aser Sarvey |
| 13-14 | & 20-21 Aser Sarvey in Amreli district. |
| 16-17 | Koba NPM Training |
| 18 | Workshop on ‘Sustainable Institutional Model for FPOs’ and Planning meeting for 'Mega Mango Initiative |
| 20 | AGM Prvah A'bad |
| 23-25 | Training on business plan - Rajkot |
| 27 | Core goup meeting |
| 27-28 | PIFP project part of friendly visit on the base of CAP at Amreli and Gir Somnath district |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જીવનમાં સુખ અને લોહીનાં સગપણ કરતાં વેદનાનુ સગપણ વધુ ટકે છે.**